# આઇઆઇટી ગાંધીનગર ખાતે વર્લ્ડના બેસ્ટ ડિઝાઈનરોનો મેળાવડો

કોઈ ન્યુ આઈડિયાને પ્રેક્ટિકલ ફોરમેટમાં ઢાળવા માટે ડિઝાઈન સ્ટ્રક્ચર ખૂબ જરૂરી છે. આના માટે પ્રિ-પ્લાનિંગ કરી તેના માટેનું ડિઝાઈન સ્ટ્રક્ચર બનાવવું જરૂરી છે. જે બાબતને ધ્યાનમાં ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી(આઇઆઇટી), ગાંધીનગર ખાતે ત્રિદિવસીય આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં ભારતની સાથે વર્લ્ડના એક્સપર્ટ ડિઝાઈનર પોતાના ન્યુ ડિઝાઈન આઈડિયા પ્રેઝન્ટ કરશે. ૭,૮,૯ નવેમ્બર યોજાનારા આ ત્રિદિવસીય કોન્ફરન્સમાં વર્લ્ડના ૨૦૦ એક્સપર્ટ ડિઝાઈનરો એક મંચ પર મળીને ઓપન ડિસ્કશન કરશે.

આઈઆઈટી ગાંધીનગરમાં ડિઝાઈનિંગનો કોર્સ ચલાવવામાં આવે છે. જેમાં કોઈ એક યુનિક ડિઝાઈન દ્વારા તેને બિલિયન લોકોને મદદરૂપ થઈ શકે છે. એજ્યુકેશન, બિઝનેસ, કેળવણી, સંશોધકો આ દરેક ક્ષેત્રના લોકો કોઈપણ ન્યુ થિંકિંગ માટે તેના માટેનું ડિઝાઈન ક્રિએટ કરે છે. જે ડિઝાઈન સ્ટ્રકચર પ્રમાણે તેને અનુંસરવામાં આવે છે. ખાસ કરીને ગર્વમેન્ટ સેકટરમાં કોઈ યોજના



**૭,૮,૯ નવેમ્બરના ત્રિદિવસીય કોન્ફરન્સમાં વર્લ્ડના ૨૦૦ એક્સપર્ટ ડિઝાઈનરો એક મંચ પર મળીને ઓપન ડિસ્કશન કરશે**

બનાવવામાં આવે ત્યારે તે યોજનાનું શરૂઆતથી લઈને અંત સુધી ડિઝાઈન મોડ્યુએલ બનાવવામાં આવે છે. આઈઆઈટી ખાતે આવા વિવિધ ક્ષેત્રોના ડિઝાઈન એક્સપર્ટ જેવો પોતાના ડિઝાઈન થકી વર્લ્ડમાં ખ્યાતી પામ્યા હોય તે પેપર પ્રેઝન્ટેશન દ્વારા સ્ટુડન્ટસે ડિઝાઈન વિશે માહિતી આપશે.

યુ.એસ.એ.માં આવેલી પેન્સિવેલનિયા યુનિવર્સિટી, કોમ્યુનિકેશન ડિઝાઈન એયુટી યુનિવર્સિટી ન્યુઝીલેન્ડ, યુરો-ઈન્ડિયા ઈકોનોમિક એન્ડ બિઝનેસ ગ્રુપ જેવા વર્લ્ડના નામી યુનિવર્સિટીના ડિઝાઈનના પ્રોફેસરો અને પ્રાઈવેટ કંપનીઓના ડિઝાઈન એક્સપર્ટ ખાસ હાજરી આપી સ્ટુડન્ટસને ડિઝાઈન વિશે માહિતી આપશે. આ સાથે સ્ટુડન્ટસ પણ પોતાના રિસર્ચ પેપરનું પ્રેઝન્ટેશન કરશે. જેમાં કેવી ઈન્ડિયન ઈકોનોમિક અને સોશિયલ કંન્ડિશનને ધ્યાનમાં રાખી ડિસ્કશનના વિષયો પર ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું છે.

આઈ.આઈ.ટી. ગાંધીનગર ખાતે યોજાઈ રહેલી ત્રિદિવસીય આ નેશનલ કોન્ફરન્સમાં ફોરનની વિવિધ કંપનીઓના ડિઝાઈન એક્સપર્ટ આવવાના છે. જેમાં યુ.એસ.એ., યુરોપ, જાપાન જેવા દેશોમાંથી એક્સપર્ટ લોકો હાજરી આપશે. આજે દરેક ક્ષેત્રમાં ડિઝાઈન મોડ્યુલ બનાવવુ ખૂબ જરૂરી છે. જો આમ કરવામાં આવે તો કોઈ પણ ક્ષેત્રમાં સફળતાની શક્યતાઓ વધી જાય છે. સ્ટુડન્ટસ આજે પોતાના ઈનોવેશનને યોગ્ય ડિઝાઈનના ન ઢાળવાના કારણે પ્રોજેક્ટ સારો હોવા છતાં પ્રોબ્લમ અને સકસેસ બહુ ઓછા થતા હોય છે. જે બાબતને ધ્યાનમાં રાખી સ્ટુડન્ટસને પોતાના દરેક પ્રોજેક્ટમાં ડિઝાઈનનું મહત્વ સમજાય તે માટે ઓપન ડિસ્કશન યોજાશે.

ત્રિદિવસીય આ કોન્ફરન્સમાં ડિઝાઈન રિલેટેડ રિસર્ચવર્ક પણ રજૂ કરવામા આવશે. જેમાં ઈનોવેટિવ ડિઝાઈન ઓફ ઈન્ડિયન કંન્ડિશને ધ્યાનમાં રાખી રજૂ કરવામા આવશે.